ઇન્વેસિવ મેનિન્ગોકોકલ રોગ

વારંવાર પૂછાતા પ્રશ્નો

ઇન્વેસિવ મેનિન્ગોકોકલ રોગ શું છે?

મેનિન્ગોકોકલ રોગએ એક ગંભીર બીમારી છે જે *Neisseria meningitidis* નામના એક પ્રકારના બેક્ટેરિયા (સૂક્ષ્મજંતુઓ) દ્વારા થાય છે. આ રોગના કારણે મગજ અને કરોડરજ્જુના પટલની બળતરા (મેનિન્ગોકોકલ મેનિન્જાઇટિસ) અને/અથવા ગંભીર રક્ત ચેપ (મેનિન્ગોકોકલ સેપ્ટિસેમિયા) થઈ શકે છે. મેનિન્ગોકોકલ રોગ 48 કલાક અથવા તેથી ઓછા સમયમાં જીવલેણ બની શકે છે. સારવાર કરવામાં આવે તો પણ, ચેપગ્રસ્ત લોકોમાંથી 10-15% મૃત્યુ પામી શકે છે. અન્ય લોકોને લાંબા ગાળાની સમસ્યાઓ અનુભવાઈ શકે છે જેમ કે:

- મગજને નુકસાન થવું
- શીખવા સંબંધિત સમસ્યાઓ
- સાંભળવાનું બંધ થઈ જવું
- ત્વચા પર ડાઘ પડવા
- હાથ અને/અથવા પગ ગુમાવવા

મેનિન્ગોકોકલ રોગ કોને થાય છે?

મેનિન્ગોકોકલ રોગ તમામ વયના લોકોને અસર કરી શકે છે, તેમ છતાં, યુનાઇટેડ સ્ટેટ્સમાં શિશુઓ, સગીરો, કિશોરો અને પુખ્ત વયના યુવાન લોકોમાં સૌથી વધુ દર છે. કોલેજના વિદ્યાર્થીઓ અને લશ્કરમાં ભરતી થયેલા લોકોને પણ વધારે જોખમ છે કારણ કે તેઓ ઘણીવાર શયનગૃહો અથવા બેરેક જેવા ભીડવાળા સ્થળોએ રહે છે. ક્ષતિગ્રસ્ત અથવા દૂર કરાયેલી બરોળ સહિતની અમુક તબીબી પરિસ્થિતિઓ અથવા નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને પણ વધુ જોખમ હોય છે.

લોકોને મેનિન્ગોકોકલ રોગ કેવી રીતે થાય છે?

લાળ (થૂંક), ઉધરસ અથવા છીંક દ્વારા એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં બેક્ટેરિયા ફેલાય છે. સામાન્ય રીતે ચેપગ્રસ્ત વ્યક્તિના શરીરમાંથી નીકળતા સ્ત્રાવ સાથે નજીકના અથવા લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી સંક્રમણ થાય છે.
નજીકના સંપર્કના ઉદાહરણોમાં આ સામેલ છે:

- ચુંબન
- મોંના સંપર્કમાં આવતી વસ્તુઓ શેર કરવી, જેમ કે:
- પાણીની બોટલ
- ખાવાનાં વાસણો
- સિગારેટ અથવા વેપિંગ ઉપકરણો
- લિપ બામ અથવા અન્ય સૌંદર્ય પ્રસાધનો
- એક જ ઘરમાં રહેવું
- એક જ નિવાસસ્થાનમાં અથવા સ્લીપઓવર દરમિયાન સૂવું

લગભગ 10 માંથી 1 વ્યક્તિ બીમાર ન થયા હોય તો પણ તેમના નાક અથવા ગળામાં મેનિન્ગોકોકલ બેક્ટેરિયા હોય છે. આવી વ્યક્તિઓને વાહક કહેવાય છે અને તેઓ હજી પણ અન્ય લોકોમાં બેક્ટેરિયા ફેલાવી શકે છે. ઘણા લોકો બેક્ટેરિયા વહન કરતા હોવાથી, મેનિન્ગોકોકલ રોગના મોટાભાગના કિસ્સાઓ રેન્ડમ રીતે થાય છે અને અન્ય કિસ્સાઓ સાથે તે જોડાયેલા હોતા નથી.

શું મેનિન્ગોકોકલ રોગથી પીડિત લોકોના કારણે બીજાને આ બીમારીનો ચેપ લાગી શકે છે?

મેનિન્ગોકોકલ રોગથી પીડિત વ્યક્તિ લક્ષણો શરૂ થયાના સાત દિવસથી શરૂ કરીને એન્ટિબાયોટિક્સ લેવાનું શરૂ કર્યાના 24 કલાક સુધી બેક્ટેરિયા ફેલાવી શકે છે. જે લોકો આ સમય દરમિયાન ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે નજીકના સંપર્કમાં આવ્યા હતા તેમને આ રોગ થવાનું જોખમ વધી શકે છે.

રસીકરણની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, ચેપને રોકવામાં મદદ કરવા માટે નજીકના સંપર્કમાં આવેલી વ્યક્તિઓએ એન્ટિબાયોટિક્સ લેવી જોઈએ. મેનિન્ગોકોકલ બેક્ટેરિયા ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે એક જ વર્ગખંડ અથવા કાર્યસ્થળે રહેવા જેવા સામાન્ય સંપર્ક દ્વારા નથી ફેલાતા. આ બેક્ટેરિયા સામાન્ય શરદી અથવા ફ્લૂનું કારણ બનતા વાયરસ કરતાં ઓછા ચેપી છે.

મેનિન્ગોકોકલ રોગના લક્ષણો શું છે?
લક્ષણોમાં આ સામેલ હોઈ શકે છે:

- તાવ અને ઠંડી
- માથામાં તીવ્ર દુખાવો
- ગરદન જકડાઈ જવી
- ઉબકા અને ઉલટી થવી
- પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતા
- શ્વાસ ઝડપથી ચાલવો
- થાક
- મૂંઝવણ થવી
- ઘેરા જાંબુડિયા રંગની ફોલ્લીઓ (પછીના તબક્કામાં)

મેનિન્ગોકોકલ રોગનું નિદાન કેવી રીતે થાય છે?
સ્વાસ્થ્ય સંભાળકર્તાઓ લક્ષણોની સમીક્ષા કરીને, શારીરિક તપાસ કરીને અને લોહી તથા કરોડરજ્જુના પ્રવાહીના નમૂનાઓનું પરીક્ષણ કરીને મેનિન્ગોકોકલ રોગનું નિદાન કરે છે.

મેનિન્ગોકોકલ રોગની સારવાર શું છે?
શક્ય તેટલી વહેલી તકે સારવાર શરૂ કરવી જોઈએ. મેનિન્ગોકોકલ રોગથી પીડિત મોટાભાગના લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે અને એન્ટિબાયોટિક્સ આપીને સારવાર કરવામાં આવે છે. લક્ષણોમાં સુધારો થયો હોય તો પણ એન્ટિબાયોટિક્સનો સંપૂર્ણ કોર્સ પૂરો કરવો જરૂરી છે, સિવાય કે સ્વાસ્થ્ય સંભાળકર્તા દ્વારા અન્યથા કહેવામાં આવ્યું હોય. ચેપની તીવ્રતાના આધારે, શ્વાસ સહાય, નીચા બ્લડ પ્રેશરની સારવાર માટેની દવાઓ અને ક્ષતિગ્રસ્ત ત્વચા માટે ઘાની સંભાળ સહિત વધારાની સારવારની જરૂર પડી શકે છે.

મેનિન્ગોકોકલ રોગને કેવી રીતે અટકાવી શકાય?
મેનિન્ગોકોકલ રોગને અટકાવવાની શ્રેષ્ઠ રીત રસીકરણ છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં હાલમાં ત્રણ પ્રકારની મેનિન્ગોકોકલ રસીઓ ઉપલબ્ધ છે: MenACWY, MenB અને MenABCWY. અમેરિકન એકેડેમી ઓફ પીડિયાટ્રિક્સ (AAP) અને અમેરિકન એકેડેમી ઓફ ફેમિલી ફિઝિશિયન્સ (AAFP) નિયમિત MenACWY રસીકરણની ભલામણ કરે છે:

- બધા સગીરો: 11–12 વર્ષની ઉંમર
- બધા કિશોરો: 16 વર્ષની ઉંમર (બૂસ્ટર ડોઝ)
  ઉચ્ચ જોખમ ધરાવતા બાળકો અને પુખ્ત વયના લોકો પણ મેનિન્ગોકોકલ રસી લઈ શકે છે.

હું વધારાની માહિતી ક્યાંથી મેળવી શકું?

- સ્વાસ્થ્ય સંભાળકર્તાઓ
- સ્થાનિક સ્વાસ્થ્ય વિભાગો: localhealth.nj.gov
- NJ સ્વાસ્થ્ય વિભાગ: nj.gov/health/cd
- નેશનલ ફાઉન્ડેશન ફોર ઇન્ફેક્શિયસ ડિસીઝીસ: nfid.org/infectious-disease/meningococcal/

આ માહિતી ફક્ત શૈક્ષણિક હેતુઓ માટે છે અને તેનો હેતુ તેને સ્વાસ્થ્ય સંભાળ પ્રદાન કરતા વ્યાવસાયિકોની સલાહના બદલે આપવાનો નથી.